**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1.** **જો $17x + 23y = 40$ અને $23x + 17y = 80$ હોય તો $x + y =$ ..........**

(A) 120 (B) 40 (C) 3 (D) 80

**Ans. (C)**

**2.** **દ્વિચલ સુરેખ સમીકરણ $ax + by + c = 0$ માટે નીચેના પૈકી શું સાચું છે ?**

(A) $a + b = 0$ (B) $a^2 + b^2 \neq 0$ (C) $a^2 + b^2 = 0$ (D) $a, b = 0$

**Ans. (B)**

**3.** **દ્વિચલ સુરેખ સમીકરણ માટેના આલેખમાં બે છેદતી રેખાઓ મળે અને અનન્ય ઉકેલ હોય તે માટે નીચે પૈકી શું સાચું છે ?**

(A) $\frac{a_1}{a_2} \neq \frac{b_1}{b_2}$ (B) $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2}$ (C) $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2} = \frac{c_1}{c_2}$ (D) $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2} \neq \frac{c_1}{c_2}$




**Ans. (A)**

**4.** **$\frac{x}{2} + \frac{y}{3} = 1$ દ્વિચલ સુરેખ સમીકરણને પ્રમાણિત સ્વરૂપમાં નીચે મુજબ કઈ રીતે દર્શાવાય છે ?**

(A) $2x + 3y = 1$ (B) $2x + 3y - 1 = 0$ (C) $3x + 2y = 6$ (D) $3x + 2y - 6 = 0$

**Ans. (D)**

**5.** **નીચેનામાંથી પરસ્પર સંપાતી રેખાઓ દર્શાવે છે.**

(A)  (B)  (C)  (D) 

**Ans. (C)**

**6.** **દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મો $2x + 3y - 9 = 0$ અને $4x + 6y - 18 = 0$નો આલેખ નીચેના પૈકી .......... હોય.**

(A) છેદતી રેખાઓ (B) સંપાતી રેખાઓ (C) સમાંતર રેખાઓ (D) પરસ્પર લંબ રેખાઓ

**Ans. (B)**

**7.** **નીચે પૈકી કઈ રીત દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મોના ઉકેલ માટે ઉપયોગી છે ?**

(A) આલેખની રીત (B) આદેશની રીત (C) લોપની રીત (D) આપેલ તમામ

**Ans. (D)**

**8.** **બે અંકોની એક સંખ્યાના એકમનો અંક $x$ અને દશકનો અંક $y$ છે તો તે સંખ્યાની બમણી સંખ્યા ........... છે.**


(A) $10x + 2y$ (B) $2y + 20x$ (C) $20y + 2x$ (D) $2x + 10y$

**Ans. (C)**

**9.** **કિંજલ તેની બહેન દિપ્તિને કહે છે કે 3 વર્ષ પહેલાં તારી અને મારી ઉંમરનો સરવાળો 36 વર્ષ હતો તો મને કહે કે 4 વર્ષ પછી તારી અને મારી ઉંમરનો સરવાળો કેટલો હશે ?**

(A) 53 વર્ષ (B) 43 વર્ષ (C) 39 વર્ષ (D) 50 વર્ષ

**Ans. (D)**


**10.** 

**માં એકનો છેદ નીચે મુજબ છે.**

(A) $b_1 c_2 - b_2 c_1$ (B) $c_1 a_2 - c_2 a_1$ (C) $b_1 a_2 - b_2 a_1$ (D) $a_1 b_2 - a_2 b_1$

**Ans. (D)**

**11.** **નીચે આપેલ આકૃતિમાં લંબચોરસ ABCDની બાજુઓના માપ દર્શાવેલ છે. $x$ અને $y$ ની કિંમત શોધો.**



(A) $x = 23,\ y = 17$ (B) $x = 12,\ y = 28$ (C) $x = 14,\ y = 30$ (D) $x = 10,\ y = 25$


**Ans. (A)**

**12. બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક $y$ અને દશકનો અંક $x$ છે તો તે સંખ્યા ........... છે.**

(A) $10y + x$ (B) $10x + y$ (C) $10x - y$ (D) $10y - x$

**Ans. (B)**

**13. નીચે દર્શાવેલ આલેખમાં બે રેખાઓ દર્શાવેલ છે.**




(A) તેમનો ઉકેલ અનંતગણ છે.

(B) સમીકરણયુગ્મનો ઉકેલ અનન્ય છે.

(C) રેખાઓના ગાણિતિક સમીકરણ જાણ્યા સિવાય કેટલા ઉકેલ શક્ય છે તે કહી શકાય નહીં.

(D) તેઓનો એકપણ ઉકેલ નથી.

**Ans. (D)**

**14. $x + y = 5$ સમીકરણ (i) અને $2x - 3y = 4$ સમીકરણ (ii) માંથી $y$નો લોપ કરવા સમીકરણ (i)ને કઈ સંખ્યા વડે ગુણવું પડે ?**

(A) 2 (B) –2 (C) 3 (D) –3

**Ans. (C)**

**15. 5 વર્ષ પહેલાં પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો 30 વર્ષ હતો. 3 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો .......... વર્ષ થશે.**

(A) 46 (B) 40 (C) 50 (D) 38

**Ans. (A)**

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[16]**

**16. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : જો સમીકરણ $8x + 5k = 18$ નો એક ઉકેલ (1, 0) હોય તો $k =$ ...........**

➠ 2

**17. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : બિંદુ (8, –2) એ ........... ચરણનું છે.**

➠ ચોથા (ચતુર્થ)

**18. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મનું વ્યાપક સ્વરૂપ ........... છે.**

➠ $ax + by + c = 0$, જ્યાં $a \neq 0$, $b \neq 0$ તથા $a^2 + b^2 \neq 0$

**19. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : બે રેખાઓ એક બિંદુમાં છેદે તો સમીકરણોની આવી જોડને ........... સમીકરણયુગ્મ કહે છે.**

➠ સુસંગત

**20. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : શિલ્પા એક સ્ટેશનરીની દુકાનમાંથી 3 પેન્સિલ અને 2 પેન ખરીદી ₹ 25 ચૂકવે છે તો આ વિગત માટે મળતું દ્વિચલ સુરેખ સમીકરણ ........... છે.**

➠ $3x + 2y = 25$

**21. નીચેની ખાલી જગ્યાઓ પૂરો : દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ માટે જ્યારે $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2} = \frac{c_1}{c_2}$ હોય ત્યારે ........... ઉકેલો મળે છે.**

➠ અનંત

22. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : શશીન અને હિતેષની હાલની ઉંમરનો સરવાળો 58 વર્ષ છે. આ માહિતી પરથી દ્વિચલ સુરેખ સમીકરણ ........... છે.**

➠ $x + y = 58$

23. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : સમીકરણ $\frac{x}{2} - \frac{y}{3} = 1$ ને પ્રમાણિત સ્વરૂપે ........... લખી શકાય.**

➠ $3x - 2y - 6 = 0$

24. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : સમીકરણયુગ્મ $2x + y = 3$ અને $4x + 2y = 6$ નો આલેખ ........... હોય.**

➠ એક રેખા

25. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : $x + 2y = 5$ સમીકરણ (i) અને $2x + 3y = 7$ સમીકરણ (ii) માંથી $y$ નો લોપ કરવા સમીકરણ (i)ને ........... સંખ્યા વડે ગુણવું પડે.**

➠ $-\frac{3}{2}$

26. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : એક કિલોગ્રામ ચા અને 7 કિલોગ્રામ ખાંડની કુલ કિંમત ₹ 480 હોય તો તેના આધારે મળતું દ્વિચલ સુરેખ સમીકરણ ........... છે.**

➠ $x + 7y = 480$

27. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : પાંચ ખુરશી અને બે ટેબલની કુલ કિંમત ₹ 4850 છે તો તેના આધારે મળતું દ્વિચલ સુરેખ સમીકરણ .......... છે.**

➠ $5x + 2y = 4850$

28. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : $a$ અને $b$ એક સાથે શૂન્ય હોઈ શકે તે શરતને સામાન્ય રીતે ........... વડે પણ દર્શાવાય છે.**

➠ $a^2 + b^2 \neq 0$

29. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : જે દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મના બંને સમીકરણો સમાન હોય તેને ........... ઉકેલો હોય છે.**

➠ અનંત

30. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : રેખાઓ ........... હોય તો આ સ્થિતિમાં દ્વિચલ સુરેખ સમીકરણોને અનંત ઉકેલો હોય છે.**

➠ સંપાતી

31. **નીચેની ખાલી જગ્યાઓ પૂરો : એક ચલની કિંમત બીજા ચલના સ્વરૂપમાં મેળવીને સુરેખ સમીકરણયુગ્મનો ઉકેલ મેળવવાની રીતને .......ની રીત કહે છે.**

➠ આદેશ